મોબાઇલ સ્નેચીંગના ગુનામાં નાસતા ફરતા આરોપીને ઝડપી પાડતી,
મ.પો.કમિ. શ્રી"બી" ડિવિઝન કચેરી, સુરત શહેર.

સુરત શહેરના "બી" ડિવિઝન પો.સ્ટે. વિસ્તારમાં મિલ્કત સબંધી અનડીટેક્ટ ગુનાઓ શોધી કાઢવા "બી" ડીવિઝનના પોલીસ માણસો પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન અ.હે.કો.જનકસિંહ ભગવાનસિંહ તથા અ.પો.કો ગજેન્દ્રસિંહ પ્રભાતસિંહનાઓના ખાનગી બાતમીદાર મારફતે બાતમી હકિકત મળેલ કે ઉધના પો.સ્ટે. I ગુ.ર.નં.૧૭૦/૨૦૧૯ ઇ.પી.કો.કલમ-૩૭૯(એ)(૧),૧૧૪,૪૧૧ મુજબનો વોન્ટેડ આરોપી ઉધના કોમ્યુનીટી હોલ પાસે જાહેર રોડ પર મહેબુબ ઉર્ફે ગુરખા ઉર્ફે ઢીલા નામનો એક ઇસમ ઉભેલ છે જેથી સદર બાતમી આધારે ઉધના કોમ્યુનીટી હોલ પાસે એક ઇસમ નામે મહેબુબ આલમ ઉર્ફે ગુરખા ઉર્ફે ઢીલા સ/ઓ કલીમ ખલીલ શા ઉ.વ.૨૨ ધંધો-સીલાઇ કામ હાલ-બેકાર રહે.મ.નં.૩, મુજ્જમીલનગર પ્રેરણા સ્કુલની સામે મુનાફભાઇના મકાનમાં બીજા માળે ઉન, સુરત. મુળ વતન ગામ- ભરથોલી તા.જમુવા જી.ઔરંગાબાદ (બીહાર)નાને પકડી પાડી ઉપરોક્ત વણશોધાયેલ ગુન્હો શોધી કાઢી પ્રસંશનીય કામગીરી કરવામાં આવેલ છે.

આરોપીનો ગુનાહીત ઇતિહાસ (૧)સચીન જીઆઇડીસી પો.સ્ટે.ફર્સ્ટ.ગુ.ર.નં.૩૩/૨૦૧૭ ઇ.પી.કો.કલમ-૩૨૩,૩૨૫, ૫૦૪, ૫૦૬(૨) તથા જી.પી.એક્ટ કલમ-૧૩૫(૧) મુજબ તેમજ (૨) ઉમરા પો.સ્ટે.ફર્સ્ટ.ગુ.ર.નં.૧૫૪/૨૦૧૮ ઇ.પી.કો. કલમ-૩૯૨, ૩૯૭, ૧૧૪ મુજબ.